# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-01-2025** **MIDDAY : 1.20 to 1.30**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે ભારતપોલ પોર્ટલ આંતરરાષ્ટ્રીય તપાસને નવા યુગમાં લઈ જશે
2. ચૂંટણી પંચ આજે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે મતદાન કાર્યક્રમની જાહેરાત કરશે
3. કેન્દ્રીય આરોગ્ય સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવે HMPV વાઇરસ અંગે રાજ્યો સાથે સમીક્ષા કરી
4. આસામ સરકારે ખાણમાં ફસાયેલા ખાણિયાઓને બચાવવામાં નૌકાદળનાં મરજીવાઓની મદદ માંગી
5. નેપાળ-તિબેટ સરહદે ભૂકંપમાં 32થી વધુ લોકોનાં મૃત્યુઃ 38ને ઇજા ભારતમાં પણ આંચકા અનુભવાયા

***********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH BHARATPOL

ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન દ્વારા વિકસિત ભારતપોલ પોર્ટલનું અનાવરણ કર્યું હતું, ભારતપોલ પોર્ટલનો ઉદ્દેશ ઈન્ટરપોલ દ્વારા આંતરરાષ્ટ્રીય સહાય માટેની તમામ વિનંતીઓની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો છે, જેમાં રેડ નોટિસ અને અન્ય કલર-કોડેડ ઈન્ટરપોલ નોટિસનો સમાવેશ થાય છે. શ્રી શાહે કહ્યું કે, ભારતપોલ આંતરરાષ્ટ્રીય તપાસને એક નવા યુગમાં લઈ જશે.

# (Amit shah byte)

આ પ્રસંગે શ્રી શાહે 35 CBI અધિકારીઓને પોલીસ ચંદ્રક અર્પણ કર્યા હતા, જેમને  વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક અને તપાસમાં ઉત્કૃષ્ટતા માટે કેન્દ્રીય ગૃહમંત્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, BHARATPOL પોર્ટલ કાયદા અમલીકરણ એજન્સીઓને વાસ્તવિક સમયની માહિતી મેળવવા માટે નોંધપાત્ર રીતે સુવિધા આપશે. આ પોર્ટલ સાયબર ગુના, નાણાકીય ગુનાઓ, ઓનલાઈન કટ્ટરતા, સંગઠિત ગુનાઓ, ડ્રગ હેરફેર અને માનવ તસ્કરી સહિતના આંતરરાષ્ટ્રીય ગુનાઓનો સામનો કરવા માટે વિકસાવવામાં આવ્યું છે.

# EC DELHI ELECTION

ચૂંટણી પંચ આજે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટેના મતદાન કાર્યક્રમની જાહેરાત કરશે. આ અંગે ચૂંટણી પંચ આજે બપોરે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદ કરશે. 70 સભ્યોની દિલ્હી વિધાનસભાનો કાર્યકાળ 23મી ફેબ્રુઆરીએ સમાપ્ત થઈ રહ્યો છે. સત્તાધારી આમ આદમી પાર્ટીએ રાષ્ટ્રીય રાજધાનીની તમામ વિધાનસભા બેઠકો માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે જ્યારે ભારતીય જનતા પાર્ટીએ અત્યાર સુધીમાં 29 ઉમેદવારોની જાહેરાત કરી છે.

દિલ્હીમાં 1 કરોડ 55 લાખથી વધુ મતદારો નોંધાયેલા છે, જેમાં 83 લાખથી વધુ પુરુષ મતદારો, 71 લાખથી વધુ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

દિલ્હીના મુખ્ય ચૂંટણી કાર્યાલય અનુસાર વિકાસપુરી વિધાનસભામાં સૌથી વધુ 4 લાખ 62 હજાર મતદારો છે, જ્યારે દિલ્હી કેન્ટ વિધાનસભામાં સૌથી ઓછા 78 હજાર 800 મતદારો છે.

# MAHA-CM REVIEW MEETING

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી  દેવેન્દ્ર ફડણવીસે ગઈકાલે રાજ્યના વિમાન મથકો ના વિકાસ કાર્યોની  સમીક્ષા બેઠક યોજી હતી. મુખ્યમંત્રીએ નિર્દેશ આપ્યો કે નાગપુર અને શિરડી એરપોર્ટની સાથે નવી મુંબઈ આંતરાષ્ટ્રીય  એરપોર્ટના કામો આપેલ સમયમર્યાદામાં ઝડપથી પૂર્ણ કરવામાં આવે. આ પ્રસંગે કેન્દ્રીય સહકાર અને નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલ ઉપસ્થિત હતા. મુખ્યમંત્રીએ  જણાવ્યું હતું કે, ઉડ્ડયનએ સૌથી ઝડપથી વિકસતું ક્ષેત્ર છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો બંને માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવું મહત્વપૂર્ણ છે.

મુખ્યમંત્રીએ નાઇટ લેન્ડિંગની સુવિધા ધરાવતા એરપોર્ટ અંગેના પ્રશ્નોના નિરાકરણ માટે પણ સૂચના આપી હતી. તેમણે સંબંધિત ઓથોરિટીને સૂચના આપી હતી કે, સોલાપુર અને કોલ્હાપુરમાં નાઈટ લેન્ડિંગની સુવિધાનું આયોજન કરવામાં આવે. મુખ્યમંત્રી  ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે, વઢવાણ બંદર એ કેન્દ્ર અને રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ છે.

સમીક્ષામાં પૂર્ણ થયેલ કામ, બાકી કામ માટે જરૂરી સમય, બાકી પરવાનગીઓ, નાણાકીય પાસાઓ અને જમીન સંપાદન સહિતના વિવિધ પાસાઓ આવરી લેવામાં આવ્યા હતા.

# HEALTH SEC - HMPV REVIEW MEETING

તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં, હ્યુમન મેટાપ્ન્યુમોવાયરસ - HMPV ના બે અને ગુજરાત માં એક કેસ નોંધાયો છે. મહારાષ્ટ્રના નાગપુરમાં કેસ સાત વર્ષના અને 13 વર્ષના બાળકને આ વાયરસ નો ચેપ લાગ્યો છે.

કેન્દ્રીય આરોગ્ય સચિવ પુણ્ય સલીલા શ્રીવાસ્તવે કહ્યું છે કે HMPV થી લોકો માટે ચિંતાનું કોઈ કારણ નથી. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન, આરોગ્ય સચિવે ભારતમાં શ્વસન રોગોની વર્તમાન સ્થિતિ અને તેમના સંચાલન માટે જાહેર આરોગ્યના પગલાં તેમજ HMPV કેસોની સ્થિતિની સમીક્ષા કરી.

સચિવે રાજ્યોને ઈન્ફલ્યુએન્ઝા જેવી બિમારી અને ગંભીર તીવ્ર શ્વસન ચેપ પર દેખરેખ મજબૂત કરવા સલાહ આપી છે. તેમણે કહ્યું કે, શ્વસન સંબંધી રોગોમાં વધારો સામાન્ય રીતે શિયાળાના મહિનાઓમાં જોવા મળે છે. રાજ્યોને માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર તેમજ વાયરસના ફેલાવાને રોકવા અંગે લોકોમાં જાગૃતિ વધારવાની પણ સલાહ આપવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

ગોન્ગ મ્યુઝિક

# ASSAM- COAL MINING ACCIDENT

આસામ સરકારે દિમા હસાઓ જિલ્લાના ઉમરાંગસો ખાતે ખાણમાં ફસાયેલા ખાણિયાઓને બચાવવામાં મદદ કરવા માટે નૌકાદળના મરજીવા  તૈનાત કરવા વિનંતી કરી છે. 300 ફૂટ ઊંડી ખાણમાં પાણી ભરાઈ ગયા બાદ ખાણિયાઓ 'રેટ-હોલ' કોલસાની ખાણમાં ફસાઈ ગયા હતા. સેનાએ રાજ્ય આપતી પ્રતિભાવ દળ અને રાષ્ટ્રીય આપતી પ્રતિભાવ દળ સાથે સંયુક્ત રીતે બચાવ કામગીરી શરૂ કરી છે. સેનાએ બચાવ કામગીરીમાં જરૂરી સાધનો સાથે મરજીવા, એન્જિનિયરો અને અન્ય પ્રશિક્ષિત કર્મચારીઓને તૈનાત કર્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે વિશાખાપટ્ટનમના નૌકાદળના મરજીવા ટૂંક સમયમાં ખાણ પર પહોંચી જશે.

# PM – SATYA NADELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે નવી દિલ્હીમાં માઇક્રોસોફ્ટ કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સત્ય નડેલા સાથે મુલાકાત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દેશમાં માઇક્રોસોફ્ટની મહત્વાકાંક્ષી વિસ્તરણ અને રોકાણ યોજનાઓ પર ખુશી વ્યક્ત કરી. તેમણે ઉમેર્યું હતું કે ગઈકાલે મુલાકાત દરમિયાન તેઓએ ટેકનોલોજી, ઈનોવેશન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી

# EARTHQUAKE NEPAL TIBET

નેપાળ-તિબેટ સરહદ ઉપરાંત ભારતનાં કેટલાંક રાજ્યોમાં આજે સવારે રિક્ટર સ્કેલ પર 7.1ની તીવ્રતાથી ભૂકંપનો આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ લોબુચેથી 93 કિલોમીટર પૂર્વમાં હતું. માંધ્યમોના અહેવાલ પ્રમાણે ભૂકંપમાં 32 થી વધુ લોકોના મૃત્યુ અને 38 ને ઇજા પહોંચી છે.

અમારા કાઠમંડુનાં પ્રતિનિધી જણાવે છે કે, કાઠમંડુ ખીણમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. શીન્હુઆ સમાચાર સંસ્થાના અહેવાલ પ્રમાણે તિબેટમાં અનેક ઇમારતો ધરાશાયી થઈ છે. બિહાર, પશ્ચિમ બંગાળ, દિલ્હી-એનસીઆર સહિત ઉત્તરભારતનાં કેટલાંક વિસ્તારોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. જોકે, ભારતમાં ભૂકંપથી જાનહાનિનાં કોઈ અહેવાલ નથી.

નેપાળમાં ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટ અથડાતી હોવાથી ભૂકંપની ઘટનાઓ વારંવાર બને છે.

અમારા બાંગ્લાદેશના સંવાદદાતા જણાવે છે કે, ઢાકા અને દેશનાં અન્ય ભાગોમાં 4.9ની તીવ્રતાથી ભૂકંપ આવ્યો હતો. જોકે જાનહાનિનાં કોઇ અહેવાલ નથી.

# BADMINTON MALAYSIA OPEN

બેડમિન્ટનમાં કુઆલાલંપુરમાં રમાઇ રહેલી મલેશિયા ઓપનમાં, ટ્રેસા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય જોડી થાઇલેન્ડની જોડીને હરાવીને 16મા રાઉન્ડમાં પ્રવેશી છે.

પુરુષ સિંગલ્સમાં, લક્ષ્ય સેન, પ્રિયાંશુ રાજાવત અને પ્રણોય એચ એસ આજે 32મા રાઉન્ડમાં રમશે, જ્યારે માલવિકા બંસોડ, આકર્ષિ કશ્યપ અને અનુપમા ઉપાધ્યાય મહિલા સિંગલ્સમાં રમશે.

પુરુષ ડબલ્સમાં સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી ચાઈનીઝ તાઈપેઈના મિંગ ચે લુ અને તાંગ કાઈ વેઈ સામે રમશે.

# UGC

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન,યુજીસીએ પીએચડીની પદવી આપવાની શરૂ કરવાની જાહેરાત કરી છે. વિવિધ શાખાઓમાં અસાધારણ ડોક્ટરલ સંશોધનને સન્માનિત કરવા માટે આ પહેલ કરવાનું યુજીસીએ આયોજન કર્યું છે.. નેશનલ એજ્યુકેશન પોલિસી NEP 2020 ના ધ્યેયો સાથે આ કાર્યક્રમ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે.. ,

આ નિર્ણય ત્રીજી ઓક્ટોબર, 2024 ના રોજ કમિશનની બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો, વિદ્વાનો વિજ્ઞાન, એન્જિનિયરિંગ, સામાજિક વિજ્ઞાન અને ભારતીય ભાષાઓ જેવી વિદ્યાશાખાઓમાં તેમના સંશોધન માટે આ પદવી એનાયત કરાશે ..

પસંદગી પ્રક્રિયામાં સખત બે તબક્કાના મૂલ્યાંકનનો સમાવેશ થશે. સૌપ્રથમ, યુનિવર્સિટી કક્ષાએ સ્ક્રીનીંગ કમિટી સબમિશનની સમીક્ષા કરશે, ત્યારબાદ યુજીસી સ્તરે અંતિમ પસંદગી સમિતિ. થીસીસની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવા માટે મૌલિકતા, સંશોધનની અસર, પદ્ધતિ અને સ્પષ્ટતા જેવા પરિબળોને ધ્યાનમાં લેવામાં આવશે.